# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૫ તા.૨૨-૦૧-૨૦૨૫

ફકત મ્યુનિ. શાળાઓ (ગુજરાતી માધ્યમ)માટે જ :-

વિષય :- ધો.૧ અને ધો.૨ ના શિક્ષકોની તાલીમ યોજવા બાબત

સંદર્ભ :- એસએસ/કયુઈસેલ/૧/૨૦૨૪/૫૯૨૬૪-૩૦૫ તા.૧૩-૧૨-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના ગુજરાતી માધ્યમના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું છે કે ધો.૧ અને ધો.૨માં નવી શિક્ષણ નીતિ અને એન.સી.એફ.-એસ.સી.ઈ. આધારે નવા અધ્યયન સંપૂટ તૈયાર કરવામાં આવેલ છે. આ અધ્યયન સંપૂટ સત્ર-૨ તથા અન્ય શૈક્ષણિક સામગ્રી અંગેની યુ.આર.સી. કક્ષાએ બે દિવસની બીનનિવાસીનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમમાં ધો.૧ અને ધો.૨માં શૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકોને નીચે જણાવેલ સ્થળ, સમય અને તારીખે તાલીમ લેવા માટે બીન ચૂક મોકલવાના રહેશે.

તાલીમાર્થીએ તાલીમ દરમ્યાન પોતાની સાથે ધો.૧ અને ધો.૨ના ગણિત અને ગુજરાતીનાં અધ્યયન સંપૂટ તેમજ પોતાના બેંક ખાતાની વિગતો સાથે લાવવાની રહેશે.

અગાઉ આ માટેની માસ્ટર ટ્રેનર તરીકે તાલીમ મેળવેલ તજજ્ઞશ્રીઓએ તાલીમ આપવા ફરજિયાત હાજર રહેવાનું રહેશે અને વર્ગસંચાલકે નકકી કરેલા સમયપત્રક મુજબ કામગીરી કરવાની રહેશે. તમામ સી.આર.સી. કો.ઓ.એ આ તાલીમ મેળવવી ફરજિયાત છે.

તાલીમની તારીખ : તા.૩૦-૦૧-૨૦૨૫ થી તા.૩૧-૦૧-૨૦૨૫ (દિન-૨)

તાલીમનો સમય : સવારે ૯-૦૦ થી ૫-૦૦

| ક્રમ | યુઆરસી ઝોન | તાલીમનું સ્થળ |
|---|---|---|
| ૧ | ઉત્તર | અસારવા શા.નં.૯, ઓમનગર રેલ્વે ક્રોસીંગ, અસારવા |
| ૨ | દક્ષિણ | કાંકરિયા શા.નં.૧, વેદ મંદિર, કાંકરિયા |
| ૩ | પૂર્વ | અમરાઈવાડી શા.નં.૭, મૈત્રી પાર્ક, અમરાઈવાડી |
| ૪ | પશ્ચિમ | નારણપુરા શા.નં.૪, સરદાર પટેલ કોલોની, સ્ટેડીયમ, નારણપુરા |

નોંધ :- સમગ્ર તાલીમનું સંચાલન યુ.આર.સી.કો.ઓર્ડિનેટરે કરવાનું રહેશે.

તા.૨૨-૦૧-૨૦૨૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી